# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

ચોથો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦

Phone : (079) 232-58659 | Website : https://gujrera.gujarat.gov.in


ક્રમાંક : ગુજરેરા/હુકમ-૪૧ — તા ૩૧/૦૭/૨૦૨૦

## હુકમ-૪૧

ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ ની કલમ-૧૧(૧)(e) તથા ગુજરેરાના તા.૧૫/૦૧/૨૦૧૮ના ઓર્ડર-૫ ની સુચના મુજબ દરેક પ્રમોટરે પોતાના રજીસ્ટર્ડ પ્રોજેકટ સંબંધી નિયત વિગતો સહિતનો ત્રિમાસીક અહેવાલ ગુજરેરાના પોર્ટલ પર નિયત સમયમાં રજુ કરવાનો રહે છે.

હાલ વિશ્વવ્યાપી કોવીડ-૧૯ મહામારીની પરિસ્થિતીને ધ્યાને લઇને ગુજરાત રેરા ઓથોરીટી દ્વારા સમયાંતરે સરકારશ્રીની માર્ગદર્શિકા તથા વિવિધ એસોસીએશન તરફથી મળેલ રજુઆત અન્વયે રીયલ એસ્ટેટ સેક્ટરના ડેવલપમેન્ટ સંબંધી તથા નવનિર્મિત રેરા પોર્ટલ ૨.૦ સંલગ્ન વિવિધ નિર્ણયો લીધેલ છે. જે પૈકી તા.૦૬/૦૫/૨૦૨૦ના રોજ ઓર્ડર-૩૪થી નાણાકીય વર્ષ અનુસાર નવનિર્મીત પોર્ટલ રેરા ૨.૦માં ત્રિમાસિક અહેવાલ ભરવા અંગે હુકમ કરેલ છે, જે મુજબ તમામ રજિસ્ટર્ડ પ્રોજેક્ટ્સના પ્રમોટરોએ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ક્વાર્ટર એપ્રિલ,મે તથા જુન-૨૦૨૦ના ભરવાના થતા ત્રિમાસિક અહેવાલ તા.૦૭/૦૭/૨૦૨૦ સુધીમાં ભરવાના થતા હતા જે તા.૨૫/૦૬/૨૦૨૦ના હુકમ-૩૭ થી તા.૦૭/૦૯/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. પરંતુ ગુજરાત રેરાના તા.૨૮/૦૭/૨૦૨૦ના ઓર્ડર -૪૦ ધ્યાને લેતા રેરા ૨.૦ની અમલવારી શરૂ ન થાય ત્યાસુધી નાણાકીય વર્ષ અનુસાર ત્રિમાસિક અહેવાલ ભરવાની સુવિધા ઉપલબ્ધ થઇ શકશે નહી

ઉપરોક્ત પરીસ્થિતિ જોતા ત્રિમાસિક અહેવાલ ભરવા અંગે ગેરસમજણ તથા દ્વિધા ઉભી ના થાય તે સારૂ પ્રમોટર / બિલ્ડર / ડેવલપરને તેમના પ્રોજેક્ટસને લગતા ત્રિમાસિક અહેવાલ ગુજરાત રેરા પોર્ટલ પર ઓનલાઇન અપડેટ કરવા અંગે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

૧) ઓથોરીટી દ્વારા ઓર્ડર નં -૩૪ થી ત્રિમાસિક અહેવાલ નાણાકીય વર્ષ અનુસાર ભરવા અંગે જે હુકમ કરવામાં આવેલ તે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી સ્થગિત રાખી હાલ રેરા ૧.૦માં ચાલતી પધ્ધતી પ્રમાણે દરેક પ્રમોટર / બિલ્ડર / ડેવલપરે તેમના પ્રોજેક્ટસને લગતા ત્રિમાસિક અહેવાલ ગુજરાત રેરા પોર્ટલ પર ડાઇનેમીક રોલીંગ ક્વાર્ટર (એટલે કે નોંધણીની તારીખને ધ્યાને રાખી ગણતરીમાં લેવાના થતા ત્રિમાસ) મુજબ ભરવાના રહેશે.

Signature Not Verified
Digitally signed by PATEL BHAGVANDAS
Date: 2020.07.31 18:42:27 IST
Reason: Digitly Signed Certificate
Location: Gandhinagar

૨) ઓથોરીટી દ્વારા તા.૨૫/૦૬/૨૦૨૦ના ઓર્ડર-૩૭ થી ત્રિમાસિક અહેવાલ રજુ કરવાની સમયમર્યાદા તા.૦૭/૦૯/૨૦૨૦ નિયત કરવામાં આવેલ, તે મુજબ પ્રમોટર / બિલ્ડર / ડેવલપર્સે તેમના પ્રોજેક્ટ અંગે તેમના ગુજરાત રેરા પોર્ટલના લોગઈનમાં ઉપલબ્ધ ક્વાર્ટર પૈકી છેલ્લા ત્રિમાસિક સમયનો અહેવાલ તા.૦૭/૦૯/૨૦૨૦ સુધીમાં ઓનલાઇન અપલોડ કરવાનો રહેશે. આ પહેલાના ઉપલબ્ધ તમામ ત્રિમાસિક અહેવાલ અપલોડ કરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

| ત્રિમાસિક અહેવાલ ભરવાની મૂળ તારીખ | આ હુકમ અન્વયે ત્રિમાસિક અહેવાલ ભરવાની અંતિમ તારીખ | આગામી ત્રિમાસિક અહેવાલ ભરવાની અંતિમ તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૦૭/૦૪/૨૦૨૦, ૦૭/૦૫/૨૦૨૦, ૦૭/૦૬/૨૦૨૦ | મુક્તિ | |
| ૦૭/૦૭/૨૦૨૦ | ૦૭/૦૯/૨૦૨૦ | ૦૭/૧૦/૨૦૨૦ |
| ૦૭/૦૮/૨૦૨૦ | ૦૭/૦૯/૨૦૨૦ | ૦૭/૧૧/૨૦૨૦ |
| ૦૭/૦૯/૨૦૨૦ | ૦૭/૦૯/૨૦૨૦ | ૦૭/૧૨/૨૦૨૦ |

3) પ્રવર્તમાન ડાઇનેમીક રોલીંગ ક્વાર્ટર મુજબ દરેક પ્રમોટરોએ તેમના પ્રોજેક્ટ્ના નિયત થયેલ ત્રિમાસિક અહેવાલ તેની સમયમર્યાદામાં ઉપર દર્શાવ્યા પ્રમાણે નોંધણીની તારીખને ધ્યાને રાખી પુરા થતા ત્રિમાસ (ઉદા. કોલમ નં-3)ને ગણત્રીમાં લઇ નિયમિત રીતે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.

સચિવ

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

ગાંધીનગર

Signature Not Verified
Digitally signed by PATEL BHAGVANDAS
Date: 2020.07.31 18:42:35 IST
Reason: Digitly Signed Certificate
Location: Gandhinagar